## (1) નીચેનામાંથી કયા કાયદાઓ 'કેમીકલ ડિઝાસ્ટર' સમક્ષ રક્ષણ આપે છે અથવા દંડનું સૂચન કરે છે ?

(1) પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ, 1986

(2) પબ્લીક લાયેબીલીટી ઈન્સ્યોરન્સ એક્ટ, 1991

(3) રાષ્ટ્રીય પર્યાવરણ અપીલ ઓર્થોરિટી અધિનિયમ, 1997

(4) નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ એક્ટ, 2010

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (2), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ભોપાલ ગેસ દુર્ઘટના બાદ સરકારે કેમીકલ ડિઝાસ્ટર માટેના શ્રેણીબદ્ધ કાયદાઓ ઘડેલા છે. જેમાં આવી આપત્તિઓ માટે દંડ, તેમનાથી રક્ષણ વગેરે જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

⇛ આ પૈકી કેટલાંક કાયદાઓ નીચે આપેલા છે :

- **ભોપાલ ગેસ લીક એક્ટ, 1985 :** ભોપાલ ગેસ દુર્ઘટના સંબંધી લોકોના ક્લેઈમની ભરપાઈ કરવા માટે આ અધિનિયમ કેન્દ્ર સરકારને સત્તા આપે છે.
- **પર્યાવરણ સંરક્ષણ અધિનિમય, 1986 :** આ કાયદો પર્યાવરણના ધોરણો નક્કી કરવાની અને ઉદ્યોગોને તપાસવાની સત્તા કેન્દ્ર સરકારને આપે છે. ઉપરાંત સરકાર પર્યાવરણને સુધારવા માટેના પણ પગલા લઈ શકે છે. (આથી, વિધાન (1) સાચું છે.)
- **પબ્લીક લાયેબીલીટી ઈન્સ્યોરન્સ એક્ટ, 1991 :** ભયજનક પદાર્થોનું હેન્ડલીંગ કરતાં લોકો માટે આ એક વીમા સ્વરૂપ કાયદો છે કે જેમાં આવા પદાર્થો દ્વારા કોઈ આપત્તિ સર્જાય અને આવા લોકોને અસર થાય તો તેમના માટેનો વીમો છે. (આથી, વિધાન (2) સાચું છે.)
- **રાષ્ટ્રીય પર્યાવરણ અપીલ ઓર્થોરિટી અધિનિયમ, 1997 :** કેટલાંક વિસ્તારોમાં ઉદ્યોગો સ્થાપવાની છૂટ ન મળેલી હોય તથા કેટલીક મર્યાદાઓ સાથે છૂટ મળેલી હોય છે. આવી બાધાઓ સમક્ષની અપીલ સાંભળવા માટેની ઓર્થોરિટીની જોગવાઈ આ કાયદામાં કરવામાં આવેલી છે. (આથી, વિધાન (3) સાચું છે.)
- **નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ એક્ટ, 2010 :** આ કાયદા હેઠળ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની રચના કરવામાં આવેલી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ગ્રીન કલાઈમેટ ફંડ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેની રચના ક્યોટો પ્રોટોકલ હેઠળ કરવામાં આવી હતી.
(2) આ ફંડમાં ગ્રાન્ટ, લોન, ઈકવીટી જેવાં સ્વરૂપે રોકાણ કરી શકાય છે.
(3) પેરિસ સંધિ બાદ આ ફંડને વૈશ્વિક તાપમાનનો વધારો $2^0$Cથી ઓછો રાખવા મદદ કરવા માટેનું મહત્ત્વનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.
(4) આ ફંડ દ્વારા શરૂઆતી સ્ત્રોત એકત્ર કરવાનું કાર્ય 2014માં લોન્ચ કરવામાં આવ્યું હતું.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ ગ્રીન ક્લાઈમેટ ફંડ (GCF)ની સ્થાપના UNFCCCના સભ્ય દેશો દ્વારા વર્ષ 2010માં કરવામાં આવી હતી. UNFCCCનું પૂરું નામ યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક ઓન ક્લાઈમેટ ચેન્જ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ જ્યારે 2015માં પેરિસ સંધિ થઈ હતી ત્યારે આ ફંડને એક મહત્ત્વનું કાર્ય સોંપવામાં આવ્યું હતું કે જેમાં તેણે વૈશ્વિક તાપમાનનો વધારો $2^0$Cથી ઓછો રાખવા માટેની સહાય કરવાની રહેશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ ફંડ દ્વારા 2014માં શરૂઆતી સ્ત્રોત એકત્ર કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ટૂંકાગાળામાં તેને 10.3 બિલિયન ડોલરના સ્ત્રોત એકત્ર કર્યા હતાં. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આબોહવા પરિવર્તન પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ સમુદાયો પર આ ફંડ ધ્યાન કેન્દ્રીત કરે છે. આ સમુદાયોમાં ખૂબ જ ઓછા વિકસિત દેશો, વિકાસશીલ નાના ટાપું દેશ અને આફ્રિકન દેશોનો સમાવેશ થાય છે.

⇛ આ ફંડમાં ગ્રાન્ટ, લોન, ઈકવીટી જેવાં સ્વરૂપે રોકાણ કરી શકાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ફુડ સેફ્ટી મિત્ર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજના ખાદ્ય સુરક્ષા વિભાગ દ્વારા લોન્ચ કરવામાં આવી છે.
(2) આ યોજના મેગા ફુડ પાર્ક સાથે સંબંધ ધરાવે છે.
(3) આ દ્વારા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં મદદ મળશે.
(4) આ યોજના દ્વારા રોજગારીનું પણ સર્જન થઈ શકશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં સુધારો કરવાના હેતુથી ખાદ્ય નિયંત્રક **FSSAI** દ્વારા ફુડ સેફ્ટી મિત્ર યોજના લોન્ચ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે, જ્યારે (3) સાચું છે.)

⇛ **FSSAI**નું પૂરું નામ **Food Safety and Standards Authority of India** છે.

⇛ આ યોજના નાના અને મધ્યમ ખાદ્ય વેપારને ખાદ્ય સુરક્ષાના કાયદાઓને અનુસરવા માટેની મદદ કરશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ દ્વારા કાયદાઓના અમલની સાથે યુવાઓમાં નવી રોજગારીનું સર્જન કરવા માટેની તક પૂરી પડાશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ફુડ સેફ્ટી મિત્રએ **FSSAI** દ્વારા નિયુક્ત કરાયેલ એક પ્રોફેશનલ તથા અધિકૃત વ્યક્તિ હોય છે જે ખાદ્ય સુરક્ષાના કાયદાઓનું પાલન કરવા માટેની સહાય આપશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) મિશન સાગર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) કેટલાંક દેશમાં અટવાયેલાં ભારતીય નાગરિકોને પરત લાવવા માટેનું આ મિશન છે.

(2) આ મિશનમાં મુખ્યત્વે માલદીવ, માડાગાસ્કર, કોમોરોસ દેશ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

(3) આ મિશનમાં ભારતની નેવી શોપ 'કેસરી' ભાગ લઈ રહી છે.

(4) આ મિશન વર્ષ 2015ના 'સાગર' વિઝન સાથે સંબંધ ધરાવે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 10 મે, 2020ના રોજ ભારત સરકાર દ્વારા 'મિશન સાગર' લોન્ચ કરવામાં આવ્યું છે.

⇛ આ મિશનમાં હિંદ મહાસાગરના કેટલાંક દેશો જેવાં કે માલદીવ, માડાગાસ્કર, કોમોરોસને COVID-19 માટેની જરૂરી મદદ પહોંચાડવામાં આવશે. (આથી, વિધાન (1) ખોટું છે, જ્યારે વિધાન (2) સાચું છે.)

⇛ આ મદદમાં ખાદ્ય ચીજો, આયુર્વેદીક દવાઓ, HCQ દવા વગેરેનો સમાવેશ થાય છે.

⇛ આ મિશન માટે ભારતની નેવી શીપ 'કેસરી'ને પસંદ કરવામાં આવી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ મિશન ભારતના હિંદ મહાસાગર માટેના 'સાગર' વિઝન હેઠળ લોન્ચ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વર્ષ 2015માં ભારતે સાગર વિઝન લોન્ચ કર્યું હતું જેમાં SAGARનું પૂરું નામ Security and Growth for All in the Region છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એગ્રીમેન્ટ (ITA) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ કરાર WTO દ્વારા લાગુ કરવામાં આવે છે.

(2) આ કરારનો હેતુ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીને સંલગ્ન વસ્તુઓ પરના કર અને ટેરિફને ઘટાડીને શૂન્ય કરવાનો છે.

(3) આ કરાર 1 જુલાઈ, 1997થી અમલમાં છે.

(4) ભારતે આ કરાર પર હસ્તાક્ષર કરેલાં નથી.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એગ્રીમેન્ટ (ITA)એ એક બહુસભ્ય કરાર છે જેનો અમલ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) દ્વારા કરાવવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ કરાર વિશે 1996માં વાતચીત સમાપ્ત થઈ હતી અને 1 જુલાઈ, 1997થી આ કરાર અમલમાં મુકાયો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ કરારનો હેતુ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીની ચીજવસ્તુઓ પરનો કર અને ટેરીફ સભ્ય દેશો દ્વારા ઘટાડીને શૂન્ય કરાવવાનો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ભારતે આ કરાર પર હસ્તાક્ષર કરેલાં છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT